શ્રી જૈન ધર્મ જયતિ.

શ્રી વીતરાગની સ્તુતિ તથા દેહપરનો કાગળ તથા સ્તવનો વીગેરે.

યથામતીથી રચી પ્રસિદ્ધ કરનાર,

શા. મગનલાલ નાગરદાસ.

મુકામ. પાટણ.

આવૃતિ પહેલી—પ્રત. ૧૦૦૦

સંવત ૧૯૫૮—સન ૧૯૦૨

અમદાવાદ—"વીજય પ્રવર્તક"

શ્રી જૈન ધર્મ જયતિ.

શ્રી વીતરાગની સ્તુતિ તથા દેહપરનો કાગળ તથા સ્તવનો વીગેરે.

યથામતીથી રચી પ્રસિદ્ધ કરનાર,

શા. મગનલાલ નાગરદાસ.

મુકામ. પાટણ.

આવૃતિ પહેલી—પ્રત. ૧૦૦૦

સંવત ૧૯૫૮—સન ૧૯૦૨

અમદાવાદ—"વીજય પ્રવર્તક" પ્રેસમાં છાપ્યાં.

શ્રી જૈન ધર્મ જયતિ.

શ્રી વીતરાગની સ્તુતિ તથા દહપરનો કાગળ. સ્તવનો વીગેરે.

મંગળા ચરણ.

અથ શ્રી જ્ઞાન ભક્તી.

સરસ્વતિ ભગવતીને નમુ, ચરણે કરી પરીણામ;
જ્ઞાન ભક્તી કરવા ભણી, આપો અવીચલ વાણ. १
જ્ઞાન ભક્તિને કારણે, રચના કરૂં વીસ્તાર;
કાન દઇને સાંભળો, સંઘ થઈ ઊજમાલ. २
જ્ઞાન આરાધક જીવડાં, સ્વર્ગે ગયા કેઇકોડ;
તે માટે ભક્તિ કરો, વંદો બે કર જોડ. ૩
દો. દો. લોચન સર્વને, વિધા તિન લોચન;
સહસ્ર લોચન સુધર્મ છે, જ્ઞાન લોચન અનંત. ૪

અથ શ્રી ચોવીસ તીર્થંકરનાં નામ તથા માતપીતાનાં નામ તથા લંછન નગરીનાં નામ લખ્યાંછે.

પહેલા વંદુ શ્રી રીખભદેવ ભગવાન,
નાભી રાજા પીતાનું નામ;
લંછન રીખભને મારૂં દેવી માય,
વીનીતા નગરીનો એ રાય. ૧
બીજા વંદુ શ્રી અજીતનાથ ભગવાન,
જીત શત્રુ રાજા પીતાનું નામ;
લંછન હાથીને વીજ્યા રાણી માય,
અજોધ્યા નગરીનો એ રાય. ૨
ત્રીજા વંદુ શ્રી સંભવનાથ ભગવાન,
જીથારથ રાજા પીતાનું નામ;
લંછન ઘોડો ને સેના રાણી માય,
સાવથી નગરીનો એ રાય. ૩
ચોથા વંદુ શ્રી અભીનંદન ભગવાન,
સોમ રાજા પીતાનું નામ;
લંછન કપીને સીધારથ રાણી માય,
વીનીતા નગરીનો એ રાય. ૪
પાંચમા વંદુ શ્રી સુમતીનાથ ભગવાન,
મેઘ રાજા પીતાનું નામ;
લંછન કૌચને મંગળા રાણી માય,
કુસળા નગરીનો એ રાય. ૫

છઠા વંદુ શ્રી પદ્મ પ્રભુ ભગવાન,
ધન રાજા પીતાનું નામ;
લંછન પદ્મને સસુમા રાણી માય,
કસુંબી નગરીનો એ રાય. ૬
સાતમા વંદુ શ્રી સુપાર્શ્વનાથ ભગવાન,
પૈથનરસ રાજા પીતાનું નામ;
સાથીઓ લંછન પયામી રાણી માય,
વનારસી નગરીનો એ રાય. ૭
આઠમા વંદુ શ્રી ચંદ્ર પ્રભુ ભગવાન,
માહાસેન રાજા પીતાનું નામ;
લંછન સસી ને લક્ષ્મા રાણી માય,
ચંદ્રારાય નગરીનો એ રાય. ૮
નવમા વંદુ શ્રી સુવીધીનાથ ભગવાન,
સુગરીવ રાજા પીતાનું નામ;
લંછન કરકને સુનીઆ રાણી માય,
સદ્દપુરી નગરીનો એ રાય. ૯
દસમા વંદુ શ્રી સીતલનાથ ભગવાન,
દધરથ રાજા પોતાનું નામ;
લંછન શ્રી વછ ને નંદા દેવી માય,
ભદ્દલપુરી નગરીનો એ રાય. ૧૦
અગીયારમા વંદુ શ્રી અંસનાથ ભગવાન,
શ્રી વસુરાજા પીતાનું નામ;
લંછન કરકને સુના રાણી માય,

સદ્દપુરી નગરીનો એ રાય. ૧૧
બારમા વંદુ શ્રી વાસુ પુજ્ય ભગવાન,
જનરાય રાજા પીતાનું નામ;
લંછન મટીકા ને જયા દેવી માય,
ચંપાપુરી નગરીનો એ રાય. ૧૨
તેરમા વંદુ શ્રી વીમલનાથ ભગવાન,
ચકરભીમરાજા પીતાનું નામ;
લંછન વરીથને સોમા રાણી માય,
કપીલાપુરી નગરીનો એ રાય. ૧૩
ચોદમા વંદુ શ્રી અનંતનાથ ભગવાન,
માહાસેન રાજા પીતાનું નામ;
ચાંમુરો લંછન જસુરાણી માય,
અભાઈ નગરીનો એ રાય. ૧૪
પંદરમા વંદુ શ્રી ધરમનાથ ભગવાન,
શ્રીભાન રાજા પીતાનું નામ;
લંછન વજરને સુવરત રાણી માય,
રતનપુરી નગરીનો એ રાય. ૧૫
સોલમા વંદુ શ્રી શાન્તીનાથ ભગવાન,
વીશ્વસેન રાજા પીતાનું નામ;
લંછન મૃગલો અચરારાણી માય,
હુથનપુરી નગરીનો એ રાય. ૧૬
સતરમા વંદુ શ્રી કુંથુનાથ ભગવાન,
શરીનર રાજા પીતાનું નામ;

છાગનું લંછન ને જસોસરી માય,
ગજપુરી નગરીનો એ રાય. ૧૭
અઢારમા વંદુ શ્રી અરનાથ ભગવાન,
સુધરથ રાજા પીતાનું નામ;
લંછન નંદા દેવીને અરજુના રાણી માય,
ગજપુરી નગરીનો એ રાય. ૧૮
ઓગણીસમા વંદુ શ્રી મલ્લીનાથ ભગવાન,
કુંભ રાજા પીતાનું નામ;
લંછન કલસને પરભાવતો રાણી માય,
મથુરા નગરીનો એ રાય. ૧૯
વીસમા વંદુ શ્રી મુનીસુવ્રત ભગવાન,
સુમતી રાજા પીતાનું નામ;
કાચઓ લંછનને પદ્માવતી રાણી માય,
રાજગરી નગરીનો એ રાય. ૨૦
એકવીસમા વંદુ શ્રી નમીનાથ ભગવાન,
વજેરાજા પીતાનું નામ;
લંછન નીળો કમળને પીપરા રાણી માય,
મથુરા નગરીનો એ રાય. ૨૧
બાવીસમા વંદુ શ્રી નેમનાથ ભગવાન,
સમુદ્ર વીજય રાજા પીતાનું નામ;
સંખનું લંછન ને શીવાદેવી માય,
સુરીપુરી નગરીનો એ રાય. ૨૨
તેવીસમા વંદુ શ્રી પાર્શ્વનાથ ભગવાન,

અશ્વસેન રાજા પીતાનું નામ;
લંછન મણીધરને વામા રાણી માય,
વનારસી નગરીનો એ રાય. ૨૩
ચોવીસમા વંદુ શ્રી માહાવીરશ્વામી ભગવાન,
સીધારથ રાજા પીતાનું નામ;
કેસરી લંછનને ત્રીસલા રાણી માય,
કુંડલપુરી નગરીનો એ રાય. ૨૪

શ્રી સાન્તીનાથનો છંદ.

સારદામાય નમુ સીરનામી, હું ગાઉ ત્રીભોવનકો શ્વામી;
શાન્તી શાન્તી જપે સબકોઈ,તાગર શાન્તી સદા સુખ હોઇ.૧
શાન્તી જપીજે કીજે કામો, સોહી કામો હોવે અભીરામો;
શાન્તી જપી પરદેશ સધાવે, તે કુશલે કમલા લઇ આવે. ૨
ગર્ભથકી પ્રભુ મારી નીવારી,શાંન્તીજી નામ દઇએ હીતકારી;
જે નર શાન્તી તણા ગુણ ગાવે, રિદ્ધી અચંતી તે નર પાવે. ૩
જાનરકો પ્રભુ શાન્તી સોવાહી, તાનરકું કાય આરતીભાઇ;
જો કછું વંછે સોહી પુરે, દાલીદ્ર દુઃખ મીથા મટી ચુરે. ૪
અલખ નીરંજન જોતી પ્રકાસી, ગટગટ વંતરકે પ્રભુવાસી;
શ્વામીસ્વરૂપ કહ્યો નવી જાવે,કેહેતાંમાં મને અચરીજ થાવે.૫
દાર દયા સબી હુથીયા, જીત્યાં મોહ તણા દલ સારા;
નારી તજી સીવ સું રંગ રાચે,રાજ તજો પણ સાહેબ સાચે. ૬
માહા બલવંત કહી જે દેવા, કાયર કંથુ એક ન હનેવા;

રિદ્ધી સહીત પ્રભુ પાસે લહીજે,ભીક્ષા આહારી નામ કહીજે.૭
નંદક પુજક કું સબ ભાયક, પણ સેવકને તું સુખદાયક;
તજી પરીગ્ર ભય જગ નાયક,નામ અતિસે સબ સિદ્ધ લાયક.૮
સત્રુ મિત્ર સમ ચિત ગણીજે, નામ દેવ અરિહંત ભણીજે;
સયલ જીવ હેતવંત કહીજે, સેવક જાણી માહાપદ દીજે. ૯
સાયર જઇ સાહોત ગંભીરા, દુ:ખ ન એક નમોહુ ગંભીરા;
મેરૂ અચલ જેમ અંતરજામી,પણ ન રેહે પ્રભુ એકલ ઠામી.૧૦
લોક કહે જીનજી સબ દેખે, પણ સુપના અંતર કબુહુ ન પેખે;
રીસ વીના બાવીસ પરીસા, સેના જીતી તે જગદીસા. ૧૧
માનવીનાજગ આણામાંનઆવી,માયાવિના સીવસુલહલાઇ;
લોભવીનાગુણ રાશી ગ્રહા જે, ભીરકું ભય તીગડ સેવીજે.૧૨
નિગ્રંથ પણ શીરછત્ર ધરાવે, નામ અતી પણ ચમર ઢલાવે;
અભેદાન દેતાં સુખ કારણે, આગળ ચક્ર ચલે હરીદારન. ૧૩
શ્રી જીનરાજ દયાલ જાણીજે, કરમ સબ કો મુલ ખનીજે;
ચોવીહુ સંઘ તીરથ જે થાપે, લછી ઘણી દેખે નવી આપે. ૧૪
વિનયવંત ભગવંત કહાવે, નકહુકું શિસ નમાવે;
એકી ચેનકું બીરૂંદ ધરાવે, પણ શોવન પદ પંકજ થાવે. ૧૫
રાગ નહી સેવક તાહરે, દ્વેક નહી નીગુણ સંઘ નીવારે;
તજી આરંભ નીજ આત્મધાવે,શિવરમણીકો સાથ ચલાવે.૧૬
તેરો મહીમા અદ્દભુત કહીએ, તોરાગુણકો પાર ન લહીયે;
તું પ્રભુ સમરથ સાહેબ મેરા, હુંમન મોહન સેવક તેરા. ૧૭
તુંરે ત્રિન લોક તણો પ્રતિપાલ, હુંરે અનાથી છું દયાળ;
તું સરનાગત રાખ ન ધારા, તું પ્રભુ તારક છો વડવીરા. ૧૮

તું સમોવડ ભાગજ પાયો, તો મેરા કાજ ચડયોરે સવાયો;
કરજોડી પ્રભુ વીનવું તોશું, કરો કૃપા જીનવરજી એમાંશું. ૧૯
જન્મ મરણના દુઃખ નીવારો, ભવસાગરથી પાર ઊતારો;
શ્રીહથીન ઊર મંડાનનેસોહીયે,ત્યાંશ્રીસાન્તીસદાસુખમોહીયે.૨૦
પદમસાગર ગુરૂરાજ પસાય, શ્રી ગુણસાગરકે મન ભાવ્યા;
જે નરનારી એક ચિતે ગાવે, તે મન વંછીત નિશ્ચે પાવે. ૨૧

અથ શ્રી સાંધગરીનો ગરબો.

જાય છે જાય છે જાયછે રે,
ગીરીરાજ ભેટયાંની ટક જાય છે. (આંકણી.)
સજન સગુ સૌ સવારથ સુધી,
ગરજે ઘેહેલું થાય છે રે. ગરી૦ ૧
રામા રામા ધન ધન કરતાં,
ધવ ધવ જયાં ત્યાં જાય છે રે. ગરી૦ ૨
મોહ રાજાના રાજમાં વસતાં,
પરમાધામી પાસે જાય છે રે. ગરી૦ ૩
મુંબાઇનો સંઘ પાલીતણે જાય છે,
અઠાર તાંનુંની સાલ છે રે. ગરી૦ ૪
ખેમચંદ મોતીચંદ સંઘવી કહેવાયછે,
પુન્ય સાલી મોટો જણાય છે રે. ગરી૦ ૫
દેસો દેસના સંઘ ભેગા થાય છે,
ભવી પ્રાણી સાથ જાય છે રે. ગરી૦ ૬

સંઘની સોભા દેવલોક સરખી,
વંદીને પાવન થાય છે રે. ગરી૦ ૭
સંઘ સર્વે સવાલાખનું રે માનછે,
એક માસનો મુકામ છે રે. ગરી૦ ૮
ચતુરવીધી સંઘ નીત્ય જાત્રાએ જાયછે,
પુજીને પાપ પલાય છે રે. ગરી૦ ૯
આદેશ્વરને પુજીને કરમને ધુજી,
સુરલોકે ઘણા જાય છે રે. ગરી૦ ૧૦
ડુંગર ઉપર ભીડ ઘણી થાયછે,
આદેશ્વરની આંગીઓ રચાય છે રે. ગરી૦ ૧૧
ભાવ સહીત ભકતી ઘણી થાયછે,
હુલવા કરમી મોક્ષ જાય છે રે. ગરી૦ ૧૨
મગન કહે સીધગીરી નીત્ય સેવો,
સમુદ્ર તરવાનું મોટું નાવ છે રે. ગરી૦ ૧૩

અથ શ્રી સીધાચલજીનું સ્તવન.

ભવી તુમે નીત્ય એ ગીરી સેવો, આ ક્ષેત્રમાં તીરથનહિં એવો.
ભવીતુમે૦ (આંકણી)

છરી પાલી સીધાચલ જઇએ
જાત્રા ત્યાં નવાનું કરીએ
લાખ નોકાર એકા ચીતે ગણીએ,
વીધી પુરવક જાત્રાં કરીએ. ભવીતુમે૦ ૧

ચોમાસુ પાલીતણે રહીએ,
પુજા ત્રણ કાલની કરીએ
તલાટી જઇ ધ્યાનજ કરીએ,
મુનીરાજને દાન તે દઈએ. ભવીતુમે૦ ૨
પડીકમણું બે ટંકનું કીજે
ત્રણ ટંકના દેવ વંદીજે
મુનીરાજની દેસના સુણીજે,
વરત પચખાન નીત્ય કીજે. ભવીતુમે૦ ૩
એમ ચોમાસુ ભવી કીજે,
કાતી પુનમે ડુંગર ચડીજે
આદીજીનવરને વંદીજે
ચોખે ચીતે પુજા કીજે. ભવીતુમે૦ ૪
નવ ટુંકના દરસન કરીજે,
ઘેટી પાય નમીને આવીજે
બાર ગાઊનો ડુંગર ફરીજે,
ખટ ગાઉની પરદક્ષાના દીજે. ભવીતુમે૦ ૫
સેત્રુજી નદી નાહીને ચડીજે,
વચે પગલાં આવે તે પુજીજે
દેવકીજીના સુત વંદીજે,
આદેશ્વરને ભેટીજે. ભવીતુમે૦ ૬
સુરજ કુંડના જળથી નાહીજે,
ત્રીકન જોગે પુજા કરીજે
રાણ તળે પગલા વંદીજે,

પુંડરીક ગણધર ને નમીજે. ભવીતુમે૦ ૭
એમ જાત્રા ભવીજન કરીએ,
ગર્ભ વાસનું દુઃખ પરહરીએ
સીવ રમણી રાણીને વરીએ,
કહે મગન સુણો ભવ તરીએ. ભવીતુ૦ ૮

શ્રી સીદ્ધચક્રનું સ્તવન

(સિદ્ધ ચક્રને ભજીયેરે કે ભવીયણ ભાવ ધરી એ દેસી.)
સિદ્ધ ચક્રને નમીયેરે કે ત્રિકરણ ભાવધરી.
ક્રોધ માનને દમીયેરે કે, કુમતા દુર કરીએ એ ટેક ૧
અરિહંત પદ પહેલુંરે કે શ્વેત વરણ કહીએ
સિદ્ધનું પદ બીજુંરે કે, રક્ત વરણ લહીયે. સિદ્ધ૦ ૨
આચારજ ત્રીજેરે કે, પીળે પદ સોહીયે.
ઉપાધ્યાય ચોથેરે કે, નીલ વરણ મોહીયે. સિદ્ધ૦ ૩
સાધુ પદ પંચમુરે કે, સામ વરણ સારો.
દરસન નાણ ચારીત્રરે કે, તપ જપ મન ધારો. સિદ્ધ૦ ૪
અનુભવચિત આણીરે કે, રૂદયમાં ધ્યાન ધરો
ઇમ નવ પદ ધ્યાનેરે કે, સંકટ ભયને હરો. સિદ્ધ૦ ૫
શ્રીપાળને મયણાંરે કે, નવમે ભવજાવે
સિવ રમણીને વરસેરે કે, અજર અમર પાવે. સિદ્ધ૦ ૬
મંત્ર માંહીજ મોટારે કે, નવપદનો કહીયે.
ચૌદ પૂર્વનું સારજરે કે, એ મંત્રે લહીયે. સિદ્ધ૦ ૭

તેનો જાપજપતાંરે કે, દુઃખ સઘળાં જાવે.
ઇમ મગનની વાણીરે કે, અમૃત પદ પાવે. સિદ્ધ૦ ૮

શ્રી સીધાચલનું સ્તવન.

પ્રથમ તીર્થંકર વંદીએરે, શેત્રુજા તીર્થે બીરાજે હોલાલ;
સકલ તીર્થનો એ રાજીઓરે,
નાભીરાયા સુત છાજે હોલાલ. પ્ર૦ ૧
જન્મ્યા ચેતરવદ અષ્ઠમીરે, દીક્ષાનો દીન તે જાણો. હોલાલ;
સુરનર સેવા કોદી કરેરે, રીખભલંછન સારો હોલાલ. પ્ર૦ ૨
ચોદ ક્ષેત્રમાં તીરથ નહીરે, નહી કોઇ સત્રુંજા તોલે હોલાલ;
શ્રી શ્રીમંદર ભાખીયુંરે સુરપતી આગે બોલે હોલાલ. પ્ર૦ ૩
મુગટ કુંડલ સીર સોભતારે, કોટે નવસેરો હાર હોલાલ;
બાય બાજુબંધ બેરખારે, વંદુ વારંવાર હોલાલ. પ્ર૦ ૪
ભાવ સહીત ભકતી કરે રે, કરમની કોટી ત્યાં જાય હોલાલ;
સુર લોકે જઇ અવતરે રે, અંતે સીવગતિ થાય હોલાલ. પ્ર૦ ૫
ચંદ્ર સીખર ભગનીનો ભોગીરે, અઘોર પાપ જોને કીધા હોલાલ;
તીરથસેવ્યાંથીસીવસુખવર્યારે,મોક્ષનગર જેને લીધાહોલાલ.પ્ર૦૬
સાધુ અનંતાસીધી વર્યારે, મોક્ષ ગયા કેઇ કોટી હોલાલ;
અમને આસા મોટી ઘણીરે, મગન કહે કરજોડી હોલાલ. પ્ર૦ ૭

અથ શ્રી નવપદજીનું સ્તવન.

(વિનંતી ધરજો ધ્યાન. એ દેસી.)

નવપદ ધરજો ધ્યાન, ભવી તુમે નવપદ ધરજો ધ્યાન; ટેક.
નવપદ મહીમા જગમાં મોટો, કહી ગયા શ્રી વર્દ્ધમાન. ભવી૦ ૧
નવપદ પુજા હે સુખદાઇ, મનવાંછીત અભીરામ. ભવી૦ ૨
શ્રી શ્રીપાલને મૈનાં સુંદરી, પામ્યા અવિચલ ધામ. ભવી૦ ૩
મંત્ર જડી ઓર તંત્ર બહોતહે, ઇનકું મીથ્યા માન. ભવી૦ ૪
નાગર પાનાચંદ સુત વિનવે, મગ્ન માગે મુક્તીનું ધામ. ભવી૦ ૫

અથ શ્રી શ્વામી ભક્તી.

દુહા.

પાર્શ્વનાથને પરણુંમું, સમરૂં સરસ્વતી માય;
ચોવીસ જીન વંદો કરી, શ્વામીના ગુણ ગાય. ૧
શ્વામીના સગપણ સમો, અવર ન સગપણ કોય;
ભક્તિ કરે શ્વામી તણી, સમકિત નિર્મળ હોય. ૨
ભગવાને એમ ભાખીયું, શ્વામી વત્સલ સુખ થાય;
ભાવ સહીત ભક્તિ કરે, શિવપદ તસ સોહાય. ૩
શ્વામી ભક્તિ સુખ વેલડી, શ્વામી ભક્તિ સુખ ખાણ;
જીવ અનંત સ્વર્ગે ગયા, શ્વામી ભક્તિ પરમાણ. ૪
તે કારણ ભક્તિ કરો, લાભ લહો લખ કોડ;
મગન કહે ભવ જળતરો, ફળશે મુજ મન કોડ. ૫

ઢાલ.

(એકવાર વછદેશ આવજો, જિનંદજી એકવા૦ એ દેશી.)

શ્વામી ભક્તિ ચિત ધારજો,
શ્રાવકજી શ્વામી ભક્તિ ચિત ધારજો;
શાસનને દીપાવજો,
શ્રાવકજી શ્વામી ભક્તિ ચિત ધારજો. ઓંકણી.
પ્રથમ તીર્થંકર રૂષભ જીનંદા,
ભરતચક્રિ તસ નંદના. શ્રાવક૦ ૧
પાય પુજીને પાવન થઇયે,
હરીયે ભવ ભય ફંદના. શ્રાવક૦ ૨
ભાવ ધરી ભક્તિ જેણે કીધી,
શ્વામી તણી શુભ ભાવના. શ્રાવક૦ ૩
મન ભાવતાં ભોજન નિત્ય નવા નવા,
કરાવતાં મનરંજના. શ્રાવક૦ ૪
લાભ ઘણો લીધો ભરતેશ્વર,
એમ કરે ફળે મન કામના. શ્રાવક૦ ૫
ત્રીજા પ્રભુ સંભવ જિન જાણો,
પુરવ ભવને વખાણો. શ્રાવક૦ ૬
દુકાળમાં શ્વામી વત્સલ કીધું,
તીર્થંકર પદ લીધું. શ્રાવક૦ ૭
મહાવીર વારે પુનીયા શ્રાવક,
શ્વામી ભક્તી ચિત ધારતા. શ્રાવક૦ ૮

સ્રી ભર્તાર બેઊ એક એક દીવસ,
આંતરે અપવાસ આદરતા. શ્રાવક૦ ૯
નિત્ય પ્રત્યે શ્વામીને સંતોષી,
ભોજન ભલી પેરે કરતાં. શ્રાવક૦ ૧૦
કુમારપાળ નૃપ ઇણ કળીકાળે,
પાટણ ગાદી દીપાવતા. શ્રાવક૦ ૧૧
હેમાચારજને ઉપદેશે,
શ્વામી સાજ સંભારતાં. શ્રાવક૦ ૧૨
શેઠ મોતીસા મુંબાઇનો વાસી,
સિદ્ધગીરી ટુંક કરાવતાં. શ્રાવક૦ ૧૩
ખિમચંદભાઈ તસ પુત્ર સોભાગી,
સેત્રુંજે સંઘ ચલાવતાં. શ્રાવક૦ ૧૪
પાટણના સંઘે વિનંતી કીધી,
શ્વામી ભક્તિને કારણે. શ્રાવક૦ ૧૫
એકવાર પાટણમાંહી પધારી,
ચતુર્વિધસંઘને ભેટાવજો. શ્રાવક૦ ૧૬
સક્તિ પ્રમાણે ભક્તિ કરશું,
ખેમાભાઇ આદે સંઘ નમસું. શ્રાવક૦ ૧૭
પાટણમાં પ્રસાદ ઘણા છે,
તેમાં મોટા સયત્રીસ છે. શ્રાવક૦ ૧૮
ત્રણસે સીતેર ઘર દેરાં વખાણો,
સર્વ મલી પાંચસેં પ્રમાણો. શ્રાવક૦ ૧૯
પ્રહ ઊઠી સઊ વંદન જાવે,

પુજા ભક્તિ રૂડી થાવે. શ્રાવક૦ ૨૦
પંચાસરાજીના મોટા તીરથે,
સંઘ જાત્રા કરી જાયછે. શ્રાવક૦ ૨૧
તીરથ વંદન પાપ નીકંદન,
સંઘ સહીત સહુ આવજો. શ્રાવક૦ ૨૨
જાત્રા કરશો ને ભવજળ તરશો,
અમને પણ ઊધારસો. શ્રાવક૦ ૨૩
ખમશું ખમાવશું ભક્તિ કરશું,
સામ સામા વારણાં લેશું. શ્રાવક૦ ૨૪
સામા સામી પેરામણી કરશું,
યથા શક્તિ ધન વાવરસું. શ્રાવક૦ ૨૫
શ્વામી ભક્તિનો લાભ ઘણો છે,
કેવલીએ કીધું પ્રમાણ છે. શ્રાવક૦ ૨૬
પાટણમાં જૈનના સિગાહજી,
કુમારપાળથી ચલાય છે. શ્રાવક૦ ૨૭
તમે પણ તેવા સિગા ચલાવજો,
મુંબાઇમાં વરતાવજો. શ્રાવક૦ ૨૮
મોતીસાએ મોટાં કામ ઘણાં કીધાં,
શ્વામીભાઇને સુખ ઘણાં દીધાં. શ્રાવક૦ ૨૯
તમે પણ એવાં કામ કરોછો,
શ્વામીભાઇને દીલમાં ધરોછો. શ્રાવક૦ ૩૦
સાધર્મી શ્વામીની ભક્તિ કરીએ,
વેલા વેલા શિવપદ વરીયે. શ્રાવક૦ ૩૧

સ્વામી સગપણ સાચુ જાણો,
એક બીજાને વખાણો. શ્રાવક૦ ૩૨
હરેક પ્રકારે સ્વામીભાઇને,
મદદ કરો મન રંગે. શ્રાવક૦ ૩૩
ધર્મ અર્થ અને કામ કરંતા,
સ્વામીને સંભારો. શ્રાવક૦ ૩૪
ધમાધમ વર્જિ સ્વામીભાઇ,
જયણા યુત જમાડો. શ્રાવક૦ ૩૫
ઇણ વિધ સ્વામી ભક્તિ કરીયે,
ભવસાગરથી તરીયે. શ્રાવક૦ ૩૬
મગન કહે સુણજો નરનારી,
સાસ્ત્રની શિખ લો ધારી. શ્રાવક૦ ૩૭

શ્રી આત્મ બોધનું સ્તવન.

(જીવને સ્વાસતણી સગાઇ, ઘરમાં ઘડી ન રાખે ભાઇ. એ દેસી.)

મુરખો ગાડી દેખી મલકાવે,
ઊમર તારી રેલ તણી પેરે જાવે; એ આંકણી.
સંસાર રૂપી ગાડી બનાવીને,
રાગ દ્વેષ દોય પાટા;
દેહ ડબ્બાને પળ પળ પઇડાં,

એમ ફરે આઊખાના આંટા રે. મુરખો૦ ૧
કર્મ અંજીરમાં કષાય અગ્નિ,
વિષ વારી માંહી ભરીયુ;
તૃષ્ણા ભુંગળું આગળ કર્યું તે,
ચારે ગતિમાં ફરીયું રે. મુરખો૦ ૨
પ્રેમ રૂપી આંકડા વળગાડયા,
ડબ્બે ડબ્બો જોડયો ભાઇ;
પરભવની ખર્ચી લેઇને,
ચેતન બેસારૂ બેઠો માંહીરે. મુરખો૦ ૩
કોઇ ટીકટ લીધી નર્ક તિર્યંચની,
કોઇ લીધી મનુષ્યને દેવો;
કોઇએ ટીકટ લીધો સિદ્ધ ગતિની,
પામવા અમૃત મેવોરે. મુરખો૦ ૪
ઘડી ઘડી ઘડીયાળાં વાગે,
નિશદિન એમ વહી જાવે;
વાગે સીટી ને ઉપડે ગાડી,
આડા અવળા મેલ આવેરે. મુરખો૦ ૫
આયુષ રૂપી આવ્યું સ્ટેસન,
હંસલો તે હાલુ હાલુ થાવે;
પાપે ભરી પાકીટ લેઇ જતાં,
કાળ કોટવાલ ત્યાં આવે રે. મુરખો૦ ૬
ઝાલી નરકમાં જમરાય પાસે,
જઇને સોંપ્યો તત્કાળે;

આરંભ કરીને આવ્યો પરૂણો,
કુંભી તે પાકમાં ઘાલે રે. મુરખો૦ ૭
લાખ ચોરાસી જીવા યોનીમાં,
જીવડો રૂલે વારંવાર;
સતગુરૂ શિખે ધર્મ આરાધે,
તો પામે મુક્તિનું દ્વાર રે. મુરખો૦ ૮
સને અઢાર છાસીના વરષે,
આત્મ ધ્યાન લગાડી;
ગોપાળ ગુરૂના પુન્ય પસાયે,
મોહન ગાય ભાવ ગાડી રે. મુરખો૦ ૯

શ્રી મેત્રાણા તીર્થનું સ્તવન.

ચાલો ચાલો મેત્રાણાવડ જઇએરે,
રીખભદેવ સુખકારીયા; ચા૦ ૧
આદીજીણંદા ભેટયા સવ દુઃખ મીટયા,
પાપ કરમ સવી વીસારીયારે. રી૦ ૨
નાભી રાયા મારૂ દેવીકો નંદન,
જુગલા ધર્મ પરવારીયાંરે. રી૦ ૩
મુગટ કુંડલ શીરછત્ર બીરાજે,
ચરણ કમલ પરવારીયાંરે. રી૦ ૪
કેસર ઘોલીયાં ને ભરીરે કચોલાં,
વીધીએ સું અંગીઆં રચીયાંરે. રી૦ ૫

કરજોડી મગન ગુણ ગાવત,
ભવો ભવ સરણ તુમારીયાંરે. રી૦ ૬

બીજું સ્તવન.

(સોના રૂપા કે સોગટે, સહીયાં ખેલત બાજી. એ દેશી.)

મેત્રાણા તીરથ ઢુંકડું, નિત્ય જાત્રાએ જાવું;
છાપીથી ગાઊ પાંચ છે, ગાડી બેસીને જાવું. ૧
તીરથ જાત્રા ફલ કહ્યું, ભાવથી બતાવ્યું;
પંચ ભવે મુક્તિ વરે, ત્રિકન જોગે કહાવ્યું. ૨
તે માટે તીરથ સેવજો, સીવરમણીને વરવું;
મગન કહે મેત્રાણા ઘડે, નિત્ય જાત્રાએ જાવું. ૩

સંપૂર્ણ.

અથ શ્રી દેહીપર તથા જીવપર કાગળ લખ્યો છે.

સ્વસ્તી શ્રી દેહલપુર નગરે માહાસુભસ્થાને પુજારાધ્યે અનેક સર્વે ઉપમાલાયક સેઠજી શ્રી પંચ શેઠજી જીવાજી ચેતનાજી તથા ભાઇ હુંકારજી ફરણીવસ તથા ભાઇ માનાજી દેશાઇ તથા ભાઇ લોભાજી કોઠારી તથા ભાઇક્રોધાજી કારભારી તથા ભાઇ કામાજી પટેલ તથા ભાઇ રાગાજી ધ્રેસાજી કારભારી તથા ભાઈ માયાજી કપટાજી રખવાલ વીગેરે સર્વે સમસ્ત એતાન શ્રી ધરમપુરી નગરીથી લી. રાજા ધરમ ધોરણધ્વર. રાજા ધરમીસ્તના પ્રણામ વાંચજો જત્રે અહીંઆં દેવગુરૂ પ્રતાપથી સુખ સાતાછે તમારી સુખ સાતાનો પત્ર મુદલ આવ્યો નથી તેથી અમને ઘણી ફીકર થાય છે જત્રે તમને લખવાનું એ જે તમોએ અમારી પાસેથી મનુષ્યપુરી દેશના પરગણા ઇજારે લઈ ગયાછો. તેની બોલીમાં એવું લખ્યું છે જે વસ્તી આબાદ રાખવી ને નીતીથી રાજ ચલાવવું ને અજ્ઞાન મીથ્યાત ને હઠાવવું ને મોહરાજાનો સંગ કરવો નહી. ને જુનીસ્ત્રીના સાથે કોઇ રીતની સલાહ કરવી નહિ. ને એનું કહ્યું પણ બોલકુલ માનવું નહિ ને નવી સ્ત્રીના કહ્યા પ્રમાણે ચાલવું એવી રીતે વચન કોલ કરીને વળી નુંધણી કરીને તમોએ અમારી પાસેથી મનુષ્યપુરી દેશના પરગણાં ઇજારે લઇ ગયા છો. તે પરગણાનો અત્રે તમારા જલબાના તલબાના ઘણા આવે છે. માટે તે પ્રમાણે વાત સાચી હશે તો તમને

તકસીરમાં રાજા પરમાધામીના પાસે મોકલાવવામાં આવસે તે રાજા કેવો છે કે જે તમારી કરણી પ્રમાણે સજા આપશે માટે તેનો ઊતર જલદીથી અમને આપો. અમોએ તમને પત્ર નંગ ૨ તથા નંગ ૩ લખી ચેતવણી આપી પણ તમારો કાંઈ ઊતર નહિ આવ્યાથી તમારી પાસે જરાસંગ ચોપદારને મોકલ્યાં છે. તે તમો તેના સાથે મળીને પરગણાં આબાદી રાખજો ને અત્રે કોઇ રીતનો બોબાટ આવવા દેશો નહિ. અમોએ જરાસંગ ચોપદારને પણ રૂડી રીતે ભલામણ કરી મોકલ્યા છે. તેને પણ ઘણા દીવસ વીતીગયા પણ કસો ઊતર આવ્યો નહિ. વીષેસ એ જે તમારા જલબાના તલબાંના જરાસંગ ચોપદારને તમારી તરફ આવ્યા પછી ઘણાજ આવે છે કયાં સુધી. જે નીચે લખ્યા પ્રમાણે પરગણાં. મનુષ્યના હાલ હવાલ કરી નાંખ્યાં છે. તેની વીગત.

[૧] દેહલપુરી થરથર ધ્રુજે છે. [૨] કરણપુરી ઊજડ થઇ ગઇ છે. [૩] દંતપુરીનો નીરવંસ થઇ ગયો છે. [૪] નેત્રપુરી બે પાસે વહિ જાય છે. [૫] ફુલવાડી મધ્યે વાસ પણ રહી નથી. [૬] હંસનાપુરી મધ્યે હાલ હવાલ કસો રહ્યો નથી. [૭] ચરન ખેડાની કશી ખરખબર રહેતી નથી. [૮] પેટલાદ મધ્યે માલ કોડી એકનો ખપતો નથી. [૯] ગંદલપુરીને ધોરજ રેહેતી નથી. [૧૦] લીંગપુરીનું સ્થાનક ભ્રષ્ટ થઇ ગયું છે.

એણી રીતે મનુષ્યપુરીના પરગણાં જરાસંગ ચોપ-

દારને આવ્યા પછી પણ હાલ હવાલ કરી નાંખ્યા છે. માટે તેનો ઊતર હાલ આપો. નહીંતો તમને બાંધીને અત્રે મંગાવી લઇશું. તે જાણજો. ભૂલસો નહિ એજ વીનંતી.

ઉપલા કાગળનો જવાબ.

તેના જવાબમાં એ જે હુંતો આપ સાહેબના પાસેથી તમારા લખ્યા પ્રમાણે પરગણાં ઇજારે લઇ કોલ કરીને આવ્યો હતો પણ તે કોલ માહારાથી પળી સક્યો નહી તે તકસીર મધ્યે કાંઈ ન્યુન રહ્યો નથી તેનું કારણ એ જે માહારી પાસે લોભાજી વીગેરે કારભારી છે. તેના ભરૂસા ઉપર પરગણાનો ઇજારો લાવ્યો હતો પણ તે માણસો ઘણા દગાખોર નીકલ્યા ને મને ખરાબ કર્યો ને માહારી બુદ્ધિ જેમ મદીરા પીએ તેવી રીતે કરીને મને ફસાવ્યો. હુંતો તેના વીશ્વાશ ઉપર રહ્યો હતો ને હવે મને ખબર પડી કે તે લોકો મોહરાજાની ફોજમાંના માણસો છે ને આજદીન સુધી દગલબાજી કરી માહારા આગળ મીઠાં મીઠાં વચન બોલીને મને ખરાબ કર્યો ને માહારા પરગણાં ખરાબ કર્યા ને મારૂં જીવતર રદ કરી નાંખ્યું છે. ને મને માહારૂં મોઢું દેખાડવાનું બીલકુલ રહ્યું નથી માટે સાહેબજી માહારી આપસાહેબ આગળ અરજ એ છે જે એક વખત માહારી ઘણીજ ભુલ થઇ ને મેં તમને આપેલો કોલ પાલ્યો નહિ. માટે માહારો એક વખતનો ગુન્હો માફ કરો આગળ પણ મોટા લોક એક ગુન્હો માફ કરતા હતા. ને હવેથી

એટલે આજથી માહારી પાસે જે આઠ માણસો ખરાબ છે તેને હું દુર કરીસ ને મોહરાજાના લશ્કરનો હું વીશ્વાશ કરીશ નહિ ને હું નીતીથી રાજ ચલાવીસ. અજ્ઞાન મીથ્યાતને હઠાવીસ ને હું નવી સ્ત્રીના કહ્યા પ્રમાણે ચાલીસ ને વીતરાગની આજ્ઞા પ્રમાણે રૂડુ ધરમ સેવીસ. ને તમારી ધરમપુરી નગરીમાં રૂડી કરણી કરી રૂડુ ધરમ પાલીને થોડા દીવસમાં આવીશ. પણ એટલુંજછે જે મને જરા આવી એટલે ઘડપણ આવ્યું તેથી માહારાથી બરાબર સધાસે નહિ. છોટી ઊમરમાં કાંઇબી ધર્મકરણી તથા વીતરાગને પણ સેવ્યા નહી ને ફક્ત કંચન કામનીથી વલગી રહ્યો. ઊજલું એટલું દુધ દેખ્યું. હું જાણતો હતો જે વૃદ્ધ અવસ્થામાં માહારા ઉપર લખેલા પરગણાના હાલ હવાલ થઈ ગયા છે. માટે હું ગરીબ પરવલ ઘણો પસ્તાવુંછું. જે પ્રાણી છોટી ઊમરમાં ધર્મ સાધન કરસે નહીં તે ઘણી હાથ પગ ઘસતો મરીને પરમાધામીની પાસે જવું પડસે. ને હું પેહલો ચેત્યો હોત ને તમારૂં વચન કોલ કબુલ રાખ્યું હોત તો હું રૂડી રીતે નીતીથી રાજ કરત ને વીતરાગની વાણી ભાખ્યા પ્રમાણે હું ધરમ સેવત ને વીતરાગની ભક્તીમાં એકાચીત કરી રહ્યો હોત અથવા સાત ક્ષેત્રમાં ધન વાવર્યું હોત અથવા ચાર પ્રકારનું ધર્મ કર્યું હોત તો હું થોડા દીવસમાં તમારી ધરમપુરી નગરીમાં આવીને તમારા સન્મુખ હાજર થયો હોત. પણ હું ઘણો પરમાદી નીકળ્યો. અજ્ઞાન દશીનાળો નીકળ્યો. તેથી

માહારે નીચી ગતીએ જાવું પડશે. માટે પ્રાણીઓને માલુમ થાયજે જે કોઇ છોટી ઉમરમાં ચાર પ્રકારનું ધર્મ સેવસે તે પ્રાણી આ ભવ પરભવ ભવોભવ સુખી થાશે. વળી જે પ્રાણી એવું ધારે છે જે હું જુવાની વયમાં કમાઇ લાવું ને ઘડપણમાં બેઠાબેઠા ખાઇશ પણ તે વાત સર્વે અવર વૃથા છે. સાથી જે આયુષ્ય અલ્પ. લક્ષ્મી ચંપલ સ્વારથનું સો સગું છે. ને વળી આયુષ્ય હથેલીનું હથેલીની અંજલી સરખું છે. સોને ક્ષણ એકનો આયુષ્યનો ભરૂસો નથી. માટે ધર્મ સંબંધી જે કામ કાજ કરતાં હોઇએ તે આજ કરીએ. આજ કરતાં હોઇએ તો વેહેલું સવારે કરીએ. ધર્મ કરણી કરવાને વીષે આળસ બીલકુલ કરવી ન જોઇએ. ને જપ, તપ, વૃત, પચખાણ, જાત્રા, સાતક્ષેત્ર, પોસા. વીગેરે એ કામો જલદી જલદી જે કરે છે તે ધણીને હું અનુમોદના ઘણી કરૂંછું. સાથી જે સરીરને વીષે જન્મ, જરા, મરણ, રોગ, ભય, એટલી વસ્તુની માથે મોટી બીક છે. માટે હે ભવ્ય પ્રાણી ? સંસાર અસાર જાણીને ધર્મ સેવજો એવી ભલામણ જ્ઞાની માહારાજ કહી ગયા છે. જુઓ સાસ્રમાં એમંતો મુની છ વર્ષની ઉમરમાં સંસાર ત્યાગ કરી ચારીત્ર લીધું ને છોટી ઊમરમાં કેવળજ્ઞાન ઉપજાવી મોક્ષ ગયા. માટે એવા માહા પુરૂષનું નામ લીધે પાપ જાય. તેમાં કાંઇ સંસય નથી. માટે તમારે મનસાથે વીચાર કરી જે આગળ સાસ્રમાં આવે છે કે જૈનીરાજા અસંખ્યાતા થઈ ગયા છે. તે એક

વખત વીતરાગની દેશના તથા સામાન્ય કેવલીની દેશના એક વખત સાંભળીને સંસાર અસાર જાણીને ચારીત્ર લીધેલા છે. એવું અમો તથા તમો રોજરોજ સાંભળીએ છીએ. પણ ભારે કરમી જીવનો હજી સુધી પાર આવ્યો નહિં. અમો તથા તમો અનંતા કાળથી પરીભ્રમન કરીએ છીએ. પણ હજુ છેડો આવ્યો નહીં. જ્યારે ચારીત્ર તથા ભાવ ચારીત્ર આવ્યું નથી. ત્યાં સુધી રખડવાના છીએ. ને પુન્યની કરણી તથા પાપકરણી કરવી તે તો લોઢાની બેડી અથવા સોનાની બેડીનું દ્રષ્ટાંત છે. પણ એટલું ખરૂં જે પુન્ય અતિષે બાંધેલું હોય તે ધર્મને જોડી આપે. ફરતો ફરતો થોડા કાળમાં સીદ્ધીપદને વરે. માટે જ્ઞાનીની શીખામણ એ છે. જે વીતરાગની આણા પ્રમાણે એકાગ્રહત્રીકન જોગે જે પ્રાણી ઉચકષ્ટ ભોગવી વૈરાગ પામી કરણી કરસે તે પ્રાણી ભરત માહારાજનીપેરે અરીસા ભુવનમાં કેવલ પામ્યા એવા થાસે. ભરત મહારાજે ચારીત્ર લીધું નથી. તપસા વીગેરે મોટી કરી નથી. છખંડનું રાજ કર્યું. બાહુબલ સાથે લડાઇ કરી અસંખ્યાત જીવની હત્યા કરી પણ જે વખત અરીસા ભુવનમાં વૈરાગ આવ્યો તે વખત આંખમાં આંસુની ધારાથી કર્મ સર્વે ચકચુર કર્યાને કેવલ જ્ઞાન ઉપજાવ્યું. ઘણા કાળ વીચરીને ભવ્ય પ્રાણીને દેશના દેઇને મોક્ષ ગયા. માટે હે ભવ્ય પ્રાણી? જે જે કરણી કરો તે વીતરાગની આણા પ્રમાણે ભાવ સહીત મન વચન ને કાયાથી કરશો તો તમે અનંતા ભવ સુધી ન રખડતાં

સીદ્ધીપદને વરસો. એમાં કાંઇ સંસયજ નથી. એજ વિનંતી સંવત ૧૯૫૮ ના વરખે. ચૈતર વદી ૧ ને વાર બુધ

લી. સા. મગનલાલ નાગરદાસના પ્રણામ વાંચજો ને હું સર્વે ચતુર વીધી શ્રી સંઘને તથા શ્વામીભાઇને નમસ્કાર કરૂછું. મેં મંદ બુદ્ધીથી એટલે અલ્પ બુદ્ધીથી આ કાગળ તૈયાર કર્યો છે તેમાં માહારી કાંઇ ભુલ ચુક થઈ હોય તે પંડીત લોકો સુધારીને વાંચવા તસ્તી લેસો. એવી હું આસા રાખુંછું. એજ વીનંતી.

લી.

શા. મગનલાલ નાગરદાસ.

મુકામ. પાટણ.

ધીવટા. મણીયાતીપાડા.

સંપૂર્ણ.

અથ શ્રી વીતરાગને સ્તુતિ કરવાની લખી તે.

ધન હો પ્રભુ. સંસાર રૂપી સમુદ્રમાં નાવ સમાન ઝાહાજ સમાન છો. આજ મારે મોતીડે મેં ઊઠો. આજ મારે આનંદ થયો; ચોસઠ ઈંદ્રના પુજનીકના દરસન થયાં. આજ હું સુકૃીત થયો, ચોતરીસ અતિસે. પાંતરીસ વાણી. પાંચજ્ઞાની બારગુણી. એક હજારને આઠ લક્ષણના ધરન-હાર. છતર ચમર વીજતે. આઠ પરતીહરણ સોભતે બાર પરખદા આગળ દેવધૂની દેસના દેઇ. ભવીકજીવને પાર પમાડે સંસાર સમુદ્ર થકી તારે એવા પ્રભુ જગતના આ-ધાર કૃપાવંત મહીમાનીધાન. સકલજીવના બંદુ. કરૂણાના સાગર કરૂણાના સમુદ્ર. પરમપુજ્ય માહારા આત્મા જ્ઞાનને વીસે દુબીયો. જન્મ જરા મરણ આત્રીવ્યાધી થકી પીડો. ચોરાસી લાખ જીવા યોનીમાં પરી ભ્રમણ કરતાં અનં-તો કાલ થયો. અનંતા જામા પેહેર્યાં. અનંતા જામા ઊતાર્યા. માહારો આત્મા અસંખ્યાત. પરદેશ અનંતી કરમની વરગણાએ વીટાણો શ્રી સીધના સાધરમી સીધના બરાબરીઓ તે કરમને વંશ પડયો. અબતારો કારણ મળ્યો. તારી સામગ્રી મળી તારા આલંબન થકી માહારી સતા-ગતને વીસે આત્મીક ધર્મ અનંતો રહ્યો. તે જ્ઞાનરૂપી કોદાળો ક્રીયા રૂપી પાવડો લઇ કયારે નીધાન પરગટ કરૂં. કયારે માહારા આત્માને કરમથકી છોડાવું. કયારે મા-હારા આત્માને કરમથકી નીરાવરણ કરૂં. કયારે સુખના

ભાજન કરૂં. કયારે મુક્તી પોહોચું. એવો બળીયો કયારે થઈશ. માહારે આપ સરીખા થવું છે. શરીરની મોરછા કયારે ઉતારીસ પુડગલના ભોગ થકી કયારે છુંટું. પુડગલના સડનગલના સ્વભાવ છે. માહારો આત્મા અરૂપી નીર-મલાનંદી જાતી સ્વરૂપ જોતીમાં રેહેનારવાળો મોક્ષનું કારણ મોક્ષનો બંદુ. સાસીઓ અપા. એવા પ્રભુને ધાઊંકું. પણ માહારો આત્મા આવરન કરી ધાંકીયો તો તાહારો આધાર થકી ટળસે. જગત્‌ને વીસે બીજો આધાર નથી. હમણા શ્રી જૈન પરતમા જૈન સીધાંતનો આધાર છે. મ-હારા ઉપકારી વંદે નરનારી હું બલીહારી. તારી અજોગી, અભોગી, અવેદી, અછેદી, અલેસી, ક્રોધ. માન, માયા, લો-ભાદીક, અઢાર દોષન કરી રહીત એવા પુન્ય પરમાતમાને માહારી અનંતી અનંતી વાર ત્રીવધે ત્રીવધે કરી વંદના હુજો. ઇતિ ભાવના સંપૂર્ણ.

ગ્રંથ સમાપ્ત.

જાહેર ખબર.

જૈન ધર્મતેજક સદ્દગૃહસ્થો અને

બાનુઓને અરજ કરૂંછું કે.

"શ્રી વીતરાગની સ્તુતિ તથા દેહીપરનો કાગળ તથા સ્તવનો વીગેરે" એ નામનું આ લઘુ પુસ્તક મેં માહારી અલ્પ બુદ્ધીથી રચી. તૈયાર કર્યું છે. તેમાં માહારી જે કાંઇ ભુલ ચુક થઇ હોય. તે સુધારી સુજ્ઞજનો વાંચવા તસ્તી લેશો. એવી આશા રાખુંછું. તથા આ પુસ્તક સાચવીને સારા સ્થાનેકે મુકવું જોઇએ. જેથી જ્ઞાનની આસાતના થાયજ નહિં. એજવિનંતી.

લી. શા. મગનલાલ નાગરદાસ.

મુકામ. પાટણ.

ધીનટા. મણીયાતીપાડા.

જાહેર ખબર.

જૈન ધર્મતેજક સદ્‌ગૃહસ્થો અને

બાનુઓને અરજ કરૂંછું કે.

"શ્રી વીતરાગની સ્તુતિ તથા દેહીપરનો કાગળ તથા સ્તવનો વીગેરે" એ નામનું આ લઘુ પુસ્તક મેં માહારી અલ્પ બુદ્ધીથી રચી. તૈયાર કર્યું છે. તેમાં માહારી જે કાંઇ ભુલ ચુક થઇ હોય. તે સુધારી સુજ્ઞજનો વાંચવા તસ્તી લેશો. એવી આશા રાખુંછું. તથા આ પુસ્તક સાચવીને સારા સ્થાનેકે મુકવું જોઇએ. જેથી જ્ઞાનની આસાતના થાયજ નહિં. એજવિનંતી.

લી. શા. મગનલાલ નાગરદાસ.

મુકામ. પાટણ.

ધીવટા. મણીયાતીપાડા.